શ્રી પટેલ પ્રગતિમંડળ સુરતની ચૂંટણીનું પરિણામ જાહેર

# સમાજ વિકાસ પેનલે ૧૭ બેઠક સાથે મેદાન માર્યું



**પટેલ** સમાજ પ્રગતિ પેનલના ત્રણ જિત્યાં

સુરતઃ રસાકસી ભરેલી શ્રી પટેલ પ્રગતિ મંડળ સુરતની ચૂંટણીનું પરિણામ આજે રાત્રે જાહેર કરાયું હતું. સમાજ વિકાસ પેનલના ઉમેદવારોએ ૧૭ બેઠક સાથે મેદાન માર્યું હતું, જયારે પટેલ સમાજ પ્રગતિ પેનલનાં માત્ર ત્રણ ઉમેદવાર જીત્યા હતા. આ ચૂંટણીમાં બન્ને પેનલો માટે પ્રતિષ્ઠાનો જંગ હતો.

તળપદા કોળી સમાજમાં પ્રતિષ્ઠિત શ્રી પટેલ પ્રગતિ મંડળ સુરતની વ્યવસ્થાપક સમિતિના ૨૦ સભ્યોની બેઠકની ચૂંટણીનાં મતદાનની ગણના આજે સવારે નવ વાગ્યાથી મંડળના શૈક્ષણિક સંકુલમાં શરૂ થઈ હતી. મતગણના પ્રારંભ સાથે જ ભારે ઉતાર ચઢાવ જોવા મળ્યા હતા. મતગણના અંતે રાત્રે નવ વાગે ચૂંટણી અધિકારી દિપક કાપડિયાએ વિજેતા ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી.

મતગણના બાદ જાહેર થયેલાં પરિણામમાં સમાજ વિકાસ પેનલના ઉમેદવારોએ મેદાન માર્યું હતું. સમાજ વિકાસ પેનલના ૧૭ ઉમેદવાર વિજયી થયા હતા. જયારે પટેલ સમાજ પ્રગતિ પેનલના ત્રણ ઉમેદવાર વિજયી થયા હતા.

આ ચૂંટણીમાં પટેલ સમાજ પ્રગતિ પેનલ અને સમાજ વિકાસ પેનલના ઉમેદવારો સહિત ૬ અપક્ષ ઉમેદવાર મળી કુલ ૪૬ ઉમેદવારએ ભાગ લીધો હતો. ૩૧૭૪ મતદાન નોંધાયું હતું. મત ગણતરીનાં દરેક રાઉન્ડ વખતે ઉમેદવારોમાં ભારે ઉત્તેજના વ્યાપી જતી હતી. દરેક રાઉન્ડમાં ઉમેદવારોની નજીવી લીડ આગળ પાછળ થતાં ઉમેદવારો સતત ટેન્શનમાં આવી જતાં હતાં.

### વિજેતા ઉમેદવારોનાં નામ અને મળેલા મત

જગદીશ બાબરભાઇ પટેલ - ૧૮૩૯
પ્રવિણભાઇ બેચરભાઇ પટેલ- ૧૭૯૮
ભદ્રેશભાઇ રામુભાઇ પટેલ-૧૭૫૨
નલીન ગણપતભાઇ પટેલ-૧૭૧૧
જશુબેન બિપીનચંદ્ર પટેલ-૧૭૦૪
પ્રવિણભાઇ બાબુભાઇ પટેલ-૧૭૦૨
મનોજ ગંગારામભાઇ પટેલ-૧૬૯૪
કિશોરભાઇ ઉમેદભાઈ પટેલ-૧૬૭૯
બાદલ સુરેશભાઇ પટેલ-૧૬૬૩
વિજય ખુશાલભાઇ પટેલ-૧૬૪૮
પ્રિતેશ ઠાકોરભાઇ પટેલ-૧૬૧૧
નવીન માવજીભાઇ પટેલ-૧૫૭૪
ગીરીશ ચંદુભાઇ પટેલ-૧૫૬૧
કલ્પેશ હસમુખભાઇ પટેલ-૧૫૪૮
નરેન્દ્ર વનમાળીભાઇ પટેલ-૧૫૩૭
મુકેશ ઇશ્વરભાઇ પટેલ-૧૫૧૮
ધીરેન ભગુભાઇ પટેલ-૧૫૦૬
નિકુંજ જમુભાઇ પટેલ-૧૫૦૩
સ્નેહલ નરોત્તમભાઇ પટેલ-૧૪૮૯
ગણપત રણછોડભાઇ પટેલ-૧૪૭૫

# JEE એડ્વાન્સ ૨૦૨૬ની પરીક્ષા ૧૭ મેના રોજ થશે

**૨૩ એપ્રિલથી** ઓનલાઈન રજિસ્ટ્રેશન, ૧ જૂને પરિણામ જાહેર થશે

સુરતઃ દેશની પ્રતિષ્ઠિત આઈઆઈટી સંસ્થાઓમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાતી જેઈઈ એડ્વાન્સ પરીક્ષાનો વર્ષ-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ વર્ષે આ મહત્ત્વપૂર્ણ પરીક્ષા ૧૭ મે-૨૦૨૬ના રોજ યોજાશે, જેનું આયોજન આઈઆઈટી રૂરકી દ્વારા કરવામાં આવશે.

જેઈઈ મેઈનમાં સફળ થયેલા અંદાજે ૨.૫ લાખ ઉમેદવારોને જેઈઈ એડ્વાન્સ પરીક્ષા આપવાની તક મળશે. પરીક્ષા માટેનું ઓનલાઈન રજિસ્ટ્રેશન ૨૩ એપ્રિલથી ૨ મે ૨૦૨૬ સુધી ચાલશે. જ્યારે વિદેશી નાગરિક ઉમેદવારો માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા ૬ એપ્રિલથી ૨ મે દરમિયાન ખુલ્લી રહેશે. ઉમેદવારો ૪ મે-૨૦૨૬ સુધી પરીક્ષા ફી ઓનલાઈન ભરી શકશે, જેમાં સામાન્ય વર્ગના ઉમેદવારો માટે રૂ.૩૨૦૦, જ્યારે મહિલા, એસસી, એસટી અને દિવ્યાંગ ઉમેદવારો માટે રૂ.૧૬૦૦ ફી નક્કી કરવામાં આવી છે. પરીક્ષાના એડમિટ કાર્ડ ૧૧થી ૧૭ મે દરમિયાન ડાઉનલોડ કરી શકાશે. દિવ્યાંગ ઉમેદવારોને રાઈટર માટે ૧૬ મે સુધી અરજી કરવાની સુવિધા આપવામાં આવી છે. ૧૭ મેના રોજ પરીક્ષા બે સેશનમાં યોજાશે, જેમાં પેપર-૧ સવારે ૯થી ૧૨ અને પેપર-૨ બપોરે ૨.૩૦થી ૫.૩૦ વાગ્યા સુધી યોજાશે. પરીક્ષા બાદ ૨૫ મેના રોજ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવશે. જેઈઈ એડ્વાન્સ-૨૦૨૬નું પરિણામ ૧ જૂન-૨૦૨૬ના રોજ જાહેર થશે, ત્યારબાદ જોયન્ટ સીટ એલોકેશન ઓથોરિટી (JoSAA) દ્વારા કાઉન્સેલિંગ પ્રક્રિયા શરૂ થશે, જેના માધ્યમથી દેશની તમામ IIT, NIT અને સરકારી એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# સાયણમાં 1.25 લાખની વસતી, નગરપાલિકા જાહેર કરવા માંગ

**ઔદ્યોગિક** વિકાસ અને બેફામ શહેરીકરણથી બદલાયેલું સાયણ, નાગરિક સુવિધાઓ માટે પંચાયતનું માળખું નિષ્ફળ

2011 પછી વસતીમાં આઠ ગણો વધારો, આયોજન વગરના બાંધકામ અને સુવિધાઓના અભાવે વધતી મુશ્કેલીઓ

સુરતઃ ઔદ્યોગિક વિકાસ અને રહેણાંક વિસ્તરણથી ઝડપી ગતિએ શહેરી સ્વરૂપ ધારણ કરી રહેલા સાયણ ગામને હવે ગ્રામ પંચાયતના માળખામાં બાંધી રાખવું અયોગ્ય બન્યું હોવાનું મંતવ્ય સ્થાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. વધતી વસતી, બેફામ બાંધકામ અને મૂળભૂત સુવિધાઓના અભાવને ધ્યાનમાં રાખી સાયણને તાત્કાલિક નગરપાલિકા જાહેર કરવાની પ્રબળ માંગ સાથે રજૂઆત કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૧ની જનગણના મુજબ સાયણ ગામની વસ્તી માત્ર ૧૫,૩૨૪ હતી. પરંતુ છેલ્લા એક દાયકામાં ઔદ્યોગિક એકમોની સ્થાપના, મોટા ફ્લેટ સંકુલો અને સ્થળાંતર વધતા હાલ અહીં અંદાજે ૧,૨૫,૦૦૦થી વધુ લોકો વસવાટ કરી રહ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. સરકારના નિયમ મુજબ ૨૦ હજારથી ૫૦ હજાર વસ્તી ધરાવતા વિસ્તારોને નગરપાલિકા બનાવવાની જોગવાઈ છે, ત્યારે સાયણની વસતી આ માપદંડથી ઘણી વધુ હોવા છતાં હજુ સુધી પંચાયત વ્યવસ્થામાં ચાલવું પડે છે, જે ગંભીર પ્રશ્નો ઊભા કરી રહ્યું છે. રજૂઆતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ગ્રામ પંચાયત પાસે મર્યાદિત સ્ટાફ, ઓછી નાણાકીય સત્તા અને અપૂરતા સાધનો હોવાને કારણે મોટા પાયે શહેરી વિકાસકાર્યો કરવું શક્ય નથી. ખાસ કરીને પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, રોડ-મરામત જેવી નાગરિકોની મૂળભૂત જરૂરિયાતો સમયસર અને યોગ્ય રીતે પૂરી પાડવામાં પંચાયત નિષ્ફળ સાબિત થઈ રહી છે.

### આરોગ્ય અને સ્વચ્છતા પર જોખમ

અપૂરતી ડ્રેનેજ અને ગટર વ્યવસ્થાને કારણે અનેક વિસ્તારોમાં ગંદકી, પાણી ભરાવા અને મચ્છરજન્ય રોગચાળાનો ભય સતત રહે છે. આરોગ્યસંભાળની દ્રષ્ટિએ પણ પંચાયત પાસે જરૂરી સાધનસામગ્રી અને વ્યવસ્થા ન હોવાની ફરિયાદો ઊઠી રહી છે.

### નગરપાલિકા બનવાથી વિકાસને મળશે નવી દિશા

જો સાયણને નગરપાલિકા જાહેર કરવામાં આવે તો કેન્દ્ર અને રાજ્ય સરકારની AMRUT, સ્વચ્છ ભારત મિશન (SBM) અને પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) જેવી મહત્ત્વની શહેરી વિકાસ યોજનાઓનો સીધો લાભ મળશે. આ ઉપરાંત, ઔદ્યોગિક એકમો અને વ્યાપારી પ્રવૃત્તિઓ પાસેથી યોગ્ય વેરા વસૂલાત થવાથી સરકારની આવકમાં વધારો થશે અને તે રકમ સ્થાનિક વિકાસમાં વાપરી શકાશે.

### ટાઉન પ્લાનિંગના અભાવે બેફામ બાંધકામ

નગરપાલિકાનો દરજ્જો ન હોવાને કારણે સાયણમાં ટાઉન પ્લાનિંગ (TP) અને ઝોનિંગ વ્યવસ્થાનો સંપૂર્ણ અભાવ છે. પરિણામે બેફામ અને આયોજન વગરના બાંધકામો થઈ રહ્યા છે, જે ભવિષ્યમાં ટ્રાફિક, પાણીની તંગી અને પર્યાવરણીય સમસ્યાઓ સર્જી શકે છે. સ્થાનિકોનું માનવું છે કે સમયસર આયોજન ન થાય તો સ્થિતિ નિયંત્રણ બહાર જઈ શકે છે.

ધોરણ-૧૨ બાદના કેરિયર પ્લાનમાં મોટો ફેરફાર

# પેરામેડિકલના અભ્યાસ માટે હવે NEET ફરજિયાત આપવી પડશે

**ફિઝિયોથેરાપી,** ઓક્યુપેશનલ થેરાપી સહિત ૫૭ કોર્સમાં ૨૦૨૬-૨૭થી રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષા લાગુ

સુરતઃ કેન્દ્ર સરકાર દ્વારા એલાઇડ એન્ડ હેલ્થકેર પ્રોફેશનલ્સ માટે રચાયેલી નેશનલ કમિશન ફોર અલાઈડ એન્ડ હેલ્થ કેર પ્રોફેશન્સ (NCAHCP)ના નિર્ણય બાદ પેરામેડિકલ અભ્યાસક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવી રહ્યું છે. ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી સહિત કુલ ૫૭ જેટલા પેરામેડિકલ અભ્યાસક્રમમાં હવે નીટ (NEET) પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે.

આ નિયમ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી અમલમાં આવશે. અત્યાર સુધી એલાઇડ એન્ડ હેલ્થકેર ક્ષેત્રના આ તમામ અભ્યાસક્રમોમાં ધોરણ ૧૨ના પરિણામના આધારે મેરિટ પ્રમાણે પ્રવેશ ફાળવવામાં આવતો હતો. પરંતુ હવે મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોની જેમ જ આ ક્ષેત્રમાં પણ રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષા નીટ દ્વારા પ્રવેશ મળશે, જેના કારણે વિદ્યાર્થીઓને વહેલા તબક્કેથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવી પડશે. એલાઇડ એન્ડ હેલ્થકેર પ્રોફેશનલ અંતર્ગત ૧૦ અલગ-અલગ કેટેગરીમાં કુલ ૫૭ અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પેરામેડિકલ ક્ષેત્રના મહત્વના અને રોજગારલક્ષી કોર્સિસ સામેલ છે. આ તમામ કોર્સિસમાં હવે પ્રવેશ માટે નીટને જ એકમાત્ર પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું છે.

સરકારના આ નિર્ણયને એલાઇડ એન્ડ હેલ્થકેર ક્ષેત્રમાં શિક્ષણની ગુણવત્તા, પારદર્શિતા અને રાષ્ટ્રીય સ્તરે સમાન ધોરણ સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### વિદ્યાર્થી અને વાલીઓ સુધી માહિતી પહોંચાડવા શિક્ષણ વિભાગ સક્રિય

આ મહત્ત્વના ફેરફારને ધ્યાનમાં રાખીને બોર્ડની પરીક્ષા આપનારા ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ સમયસર માહિતગાર થાય, તે માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચનાઓ પાઠવવામાં આવી છે. તેના અનુસંધાને સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોને પરિપત્ર પાઠવી આ નવી વ્યવસ્થાની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા જણાવ્યું છે.

### વાલી મીટિંગ અને કેરિયર ગાઇડન્સ પર ભાર

વિદ્યાર્થીઓ સાથે-સાથે વાલીઓ પણ આ બદલાવથી માહિતગાર થાય તે માટે આગામી સમયમાં વાલી મીટિંગ, કેરિયર ગાઇડન્સ કાર્યક્રમો અને માર્ગદર્શન સત્રો યોજવા શાળાઓને સૂચના આપવામાં આવી છે. જેથી ભવિષ્યમાં પેરામેડિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની ઇચ્છા ધરાવતા વિદ્યાર્થીઓ નીટની તૈયારી માટે સમયસર આયોજન કરી શકે.



# વાપીમાં સાવકી માતાના મારથી તરુણ સુરત ભાગી આવ્યો

**સુરત** રેલવે પોલીસે તરુણનો કબજો તેના પિતાને સોંપ્યો

સુરતઃ સુરત રેલવે સ્ટેશનના પ્લેટ ફોર્મ નં.4 પરથી જી.આર.પી. પોલીસને એકલો બેઠેલો તરૂણ મળી આવ્યો હતો. જી.આર.પી પોલીસે તરૂણને ચાઇલ્ડ કોર્નર ખાતે લાવી પૂછપરછ કરતાં તરૂણ વાપી ખાતે રહેતો હોવાનું જણાઇ આવ્યું હતું અને સાવકી માતા તેને ઘરની બહાર રહેવા અને માર મારતી હોવાથી તરૂણ કંટાળી કોઈક રીતે વાપી સ્ટેશન પહોંચી સુરત આવી પહોંચી હતો.

રેલવે જી.આર.પી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ રેલવે વડોદરા એસ.પી અભિષેક સોની અને સુરત રેલવે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો સુરત રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પર પેટ્રોલિંગમાં હતા. ત્યારે પ્લેટફોર્મ નંબર 4 પર એક 14 વર્ષીય તરૂણ એકલો બેસેલો હોવાથી તેને ચાઇલ્ડ કોર્નર ખાતે લાવી પૂછપરછ કરતાં તરૂણે વાપીનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. પોલીસની વધુ પૂછપરછમાં તેને જણાવ્યું હતું કે તેની માતાનું અવસાન થયું હતું, જેથી તેના પિતાએ બીજા લગ્ન કર્યા છે. જેથી સાવકી માતા તેને સતત માર મારતી હતી અને ઘરની બહાર રહેવાનું કહેતી હોવાથી કંટાળીને કોઈક રીતે વાપી રેલવે સ્ટેશન પર આવી ટ્રેનમાં બેસી સુરત આવી ગયો હતો. જેથી સુરત રેલવે પોલીસે તરૂણના પિતાનો કોન્ટેક્ટ કરી સુરત બોલાવી તેનો કબજો સોંપ્યો હતો.

# ટ્રેનોની ટિકિટ હવે જૂની એપ પર નહીં મળશે, નવી RailOne એપ લોન્ચ

**પશ્ચિમ** રેલવેએ ડિજિટલ ટિકિટ સિસ્ટમમાં ફેરફાર કર્યો, UTS મોબાઇલ એપ્લિકેશનના બદલે રેલવેએ RailOne એપ્લિકેશન લોન્ચ કરી

સુરતઃ રેલવેએ મુસાફરો માટે ડિજિટલ ટિકિટ સિસ્ટમમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. રેલવેએ UTS મોબાઈલ એપ્લિકેશનનું નવું સંસ્કરણ બહાર પાડ્યું છે, જે હવે ગૂગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે. રેલવેએ સ્પષ્ટતા કરી છે કે જૂનું UTS એપ્લિકેશન સંસ્કરણ સંપૂર્ણપણે નિષ્ક્રિય કરવામાં આવશે અને મુસાફરોએ નવા સંસ્કરણ પર અપડેટ કરવાની જરૂર પડશે. આ નિર્ણયની સીધી અસર લાખો દૈનિક મુસાફરો અને સીઝન ટિકિટધારકો પર પડશે. નવા સંસ્કરણમાં RailOne એપ્લિકેશન દ્વારા રેલવેની ડિજિટલ સેવાઓને એકીકૃત કરવાના હેતુથી ઘણાં મોટા ફેરફારો સામેલ છે.

### UTS પર બુકિંગ અને રિન્યુઅલ સંપૂર્ણ બંધ

એક મહત્વપૂર્ણ નિર્ણયમાં રેલવેએ UTS મોબાઇલ એપ પર સીઝન ટિકિટ જારી કરવા અને રીન્યુ કરવાની સુવિધા કાયમી ધોરણે બંધ કરી દીધી છે. મુસાફરોએ હવે સીઝન ટિકિટ સંબંધિત સેવાઓ માટે RailOne મોબાઈલ એપ ડાઉનલોડ કરવાની રહેશે. UTS એપ પર નવી નોંધણીઓ પણ બંધ કરવામાં આવી છે. રેલવેએ એવી પણ સ્પષ્ટતા કરી છે કે UTS એપ પર નવી નોંધણીઓ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. એપની નોંધણી સ્ક્રીન પર એક ચેતવણી સંદેશ પ્રદર્શિત થાય છે, જે વપરાશકર્તાઓને RailOne એપ તરફ દોરી જાય છે.

### RailOne એપને પ્રોત્સાહન આપવા માટે નવી ચેતવણી

UTS એપના હોમપેજ પર એક પોપ-અપ ચેતવણી સ્ક્રીન ઉમેરવામાં આવી છે, જે વપરાશકર્તાઓને RailOne મોબાઇલ એપ ડાઉનલોડ કરવા વિનંતી કરે છે. આ ચેતવણી દિવસમાં એકવાર દેખાશે. જો વપરાશકર્તા skip વિકલ્પ પસંદ કરે છે, તો આ સંદેશ તે દિવસે ફરીથી દેખાશે નહીં.

### સિઝન ટિકિટમાં નવો 'ટ્રાન્સફર ટિકિટ' વિકલ્પ

સીઝન ટિકિટધારકો માટે નવી UTS એપ્લિકેશનમાં એક સુવિધા ઉમેરવામાં આવી છે. ટ્રાન્સફર ટિકિટ વિકલ્પ હવે શો ટિકિટ વિભાગમાં ઉપલબ્ધ છે. જે મુસાફરોને સીઝન ટિકિટ સંબંધિત ટ્રાન્સફર પ્રક્રિયાને સરળ બનાવશે. જો કે, આ સુવિધા ફક્ત UTS એપ દ્વારા બૂક કરાયેલી સીઝન ટિકિટ પર જ લાગુ પડશે.

# પશ્ચિમ રેલવેએ 9 સ્પેશિયલ ટ્રેનોની ફ્રિકવન્સી વધારી

**મુંબઈથી** ઈન્દોર, ભિવાની, ભગત કી કોઠી સહિતની વિશેષ ટ્રેનોને ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી

સુરતઃ મુસાફરોના ટ્રાફિક અને મુસાફરીની માંગમાં વધારો થતાં, પશ્ચિમ રેલવેએ ખાસ ભાડા પર ચાલતી 9 ખાસ ટ્રેનોની ફ્રીક્વન્સી વધારવાનો નિર્ણય લીધો છે. આ માહિતી પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા આપવામાં આવી હતી. સૌપ્રથમ, મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (09085/09086) 30 જાન્યુઆરી, 2026 સુધી મુંબઈ સેન્ટ્રલથી ઈન્દોર સુધી દોડશે અને ઈન્દોરથી મુંબઈ સેન્ટ્રલ સુધીની ટ્રેન 31 જાન્યુઆરી, 2026 સુધી દોડશે.

મુંબઈ સેન્ટ્રલ-ભગત કી કોઠી સ્પેશિયલ (09083/09084) ની ફ્રીક્વન્સી પણ વધારવામાં આવી છે, આ ટ્રેન ૨૫ અને ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી દોડશે. મુંબઈ સેન્ટ્રલ-ભિવાની સ્પેશિયલ (૦૯૦૦૧/૦૯૦૦૨) પણ ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

### ગુજરાતનાં શહેરોને જોડતી ઘણી મહત્ત્વપૂર્ણ ટ્રેનો પણ લંબાવવામાં આવી

બાંદ્રા ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ વીકલી સ્પેશિયલ (09207/09208) હવે 27 ફેબ્રુઆરી, 2026 સુધી દોડશે. તેમજ, બાંદ્રા ટર્મિનસ-ગાંધીધામ વીકલી સ્પેશિયલ (09415/09416) 26 ફેબ્રુઆરી, 2026 સુધી લંબાવવામાં આવી છે. મુંબઈ-સુરત સેક્ટર પર મુસાફરી કરતા મુસાફરો માટે બાંદ્રા ટર્મિનસ-ઉધના સ્પેશિયલ (09055/09056) 25 અને 26 ફેબ્રુઆરી, 2026 સુધી લંબાવવામાં આવી છે. આ વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ 30 ડિસેમ્બર, 2025થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે.

# દ. ગુજરાતના બીચના વિકાસ માટે માસ્ટર પ્લાન રજૂ કરવા માંગ

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતના બીચ વિકાસ માટે માસ્ટર પ્લાન રજૂ કરવા માંગ કરવામાં આવી છે. રાજ્ય સરકાર અને ટુરિઝમ વિભાગને સુરત, નવસારી, ભરૂચના બીચ ડેવલપમેન્ટ માટે ગુજરાત ગ્રોથ હબ ફોરમ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. સંસ્થા દ્વારા ગુજરાતના પ્રવાસન મંત્રી અને ચોર્યાસી વિધાનસભા બેઠકના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈને રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત ગ્રોથ હબ ફોરમ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, હાલ સુરતમાં સુવાલી બીચ ફેસ્ટિવલનું આયોજન ચાલી રહ્યું છે, જે દક્ષિણ ગુજરાતમાં દરિયાકાંઠા આધારિત પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે એક ખૂબ જ સકારાત્મક અને પ્રશંસનીય પહેલ છે.

આ ફેસ્ટિવલ દ્વારા રાજ્ય સરકાર અને ટુરિઝમ વિભાગની દૃષ્ટિ અને પ્રતિબદ્ધતા સ્પષ્ટ રીતે જોવા મળે છે. આ સંદર્ભમાં આપનું ધ્યાન દોરીએ છીએ કે ગુજરાત ગ્રોથ હબ ફોરમ દ્વારા અગાઉ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓના બીચોના સુવ્યવસ્થિત અને ટકાઉ વિકાસ માટે માસ્ટર પ્લાન જાહેર કરવા બાબતે માનનીય મંત્રી ટુરિઝમ વિભાગને મેઈલ પાઠવવામાં આવ્યો હતો. તે મેઈલમાં દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોને નીતિ આયોગના 'સુરત ગ્રોથ હબ' વિઝન સાથે સંકલિત કરીને વિકસાવવાની રજૂઆત કરવામાં આવી હતી.

# વાંકલ નજીક તોફાની વાનરને ડાર્ક ગનથી બેભાન કરાયો

**આંબાવાડીમાં** બેહોશ કરાયેલા વાનરને વનવિભાગે ઝંખવાવ રેસ્ક્યુ સેન્ટર ખાતે ખસેડ્યો

વાંકલઃ સુરતના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર જંગલી પ્રાણીઓ અને વાનરનો આતંક સામે આવતો હોય છે. અગાઉ માંગરોળના વાંકલ ગામે અનેક લોકોને ઈજા પહોંચાડનાર કપિરાજને પકડ્યા બાદ થોડો સમય શાંતિ રહી હતી, પરંતુ ફરી એકવાર નજીકના આંબાવાડી ગામે કપિરાજનો ભારે આતંક જોવા મળ્યો હતો.

આ કપિરાજ મહિલાઓ અને બાળકો પાછળ દોડતો હતો અને અત્યંત ગુસ્સામાં આવી બારીઓના કાચ તોડી નુકસાન પહોંચાડતો હતો. તેના ભયથી પરેશાન સ્થાનિકોએ અંતે વાંકલ વનવિભાગની મદદ માંગી હતી. વનવિભાગના કર્મી હિતેશભાઈ માલી અને તેમની ટીમ તાત્કાલિક ડાર્ક ગન સાથે આંબાવાડી ગામે પહોંચી હતી.

કપિરાજ નવા ફળિયામાં કરસનભાઈના ઘર પાસે આમલીના ઝાડ પર ચઢી ગયો હતો, જ્યાં વનવિભાગની ટીમે ડાર્ક ગન (ટ્રાન્ક્વિલાઈઝર ગન)થી તેને બેભાન કરી પાંજરે પૂર્યો હતો. પકડાયેલા કપિરાજને હાલ ઝંખવાવ રેસ્ક્યુ સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યો છે. વનવિભાગના જણાવ્યા અનુસાર કપિરાજ હવે હોશમાં છે અને જરૂરી સારવાર બાદ તેને સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવશે. કપિરાજ પાંજરે પુરાતાં આંબાવાડીના ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે અને વનવિભાગની ટીમનો આભાર માન્યો છે.

# બાકી 11.17 લાખ મતદારનાં મેપિંગની 1 જાન્યુ.થી સુનંવણી

30 ડિસેમ્બરથી નોટિસ વિતરણ બાદ 10 ફેબ્રુઆરી સુધી હિયરિંગ યોજાશે

સુરતઃ જિલ્લામાં જેમનું મતદાર મેપિંગ હજુ પૂર્ણ થયું નથી તેવા કુલ 11.17 લાખ મતદારને નોટિસ આપવાની પ્રક્રિયા 30મી ડિસેમ્બરથી શરૂ કરવામાં આવશે. નોટિસ જેમ જેમ ડાઉનલોડ થતી જશે તેમ તેમ તે સંબંધિત મતદારોને આપવામાં આવશે. નોટિસ પ્રાપ્ત થયા બાદ મતદારોને પોતાની રજૂઆત કરવા પૂરતી તક આપવામાં આવશે.

નોટિસ આપવામાં આવ્યા બાદની હિયરિંગ પ્રક્રિયા 10મી ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. આ પ્રક્રિયા સુચારુ, સમયબદ્ધ અને પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

હિયરિંગ માટે કુલ 346 વધારા મદદનિશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, જે મતદારોની રજૂઆતો સાંભળી યોગ્ય નિર્ણય લેશે. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા મુજબ, આ સમગ્ર કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ મતદાર યાદીને વધુ સચોટ, અપડેટ અને વિશ્વસનીય બનાવવાનો છે. જેથી આગામી ચૂંટણી પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ભ્રમ સર્જાય નહીં. તાજેતરમાં યોજાયેલા વિશેષ કેમ્પને મળેલા પ્રતિસાદથી મતદારોમાં જાગૃતિમાં વધારો થયો હોવાનું પણ તંત્રએ સ્પષ્ટ કર્યું છે.

### વિશેષ ઝુંબેશમાં 14,600 ફોર્મ નં.6 ભરાયાં

સુરત જિલ્લા કલેક્ટર દ્વારા એસઆઈઆર કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓના મતદાન બુથો પર શનિ અને રવિવારે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશેષ કેમ્પ દરમિયાન કુલ 14,600 જેટલા ફોર્મ નંબર 6 (નવા મતદાર નોંધણી તથા સુધારણા માટે) ભરાયા હતા, જ્યારે ફોર્મ નંબર 7 ના 566 કેસ નોંધાયા હતા. આ ઉપરાંત, સ્થળાંતર (શિફ્ટિંગ) સંબંધિત મુદ્દાઓને લઈને 11,700 જેટલા ફોર્મ ભરાયા હોવાનું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જણાવાયું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સહેલાણીઓને સિટી...

જામ ન થાય એ માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે.

હજીરાની આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીએ સુવાલી બીચ સુધીના રસ્તા પર CRS ફંડ માટે સોલાર લાઇટ્સ નાંખવામાં આવી છે. ૧ કરોડ રૂપિયાના ખર્ચે અંદાજિત ૩૫૦ લાઈટ નાંખવાની કામગીરી પૂર્ણ થઈ છે. આ સાથે જ 30 મીટર ઊંચો અને ૪૦૦ વોટ્સની ૧૬ લાઈટ ધરાવતો એક હાઈમાસ્ટ ટાવર પણ ઊભો કરાયો છે.

### ખબરદાર, જો...

અનુપમસિંહ ગેહલોતના નેતૃત્વમાં તૈયાર કરાયેલ સુરક્ષા આયોજન હેઠળ 31મી ડિસેમ્બરની રાત્રે શહેરના દરેક ખૂણે પોલીસની હાજરી જોવા મળશે.લગભગ 7000 પોલીસ જવાનો, જેમાં સ્થાનિક પોલીસ, હોમગાર્ડ, GRD અને SRPની ટુકડીઓ સામેલ છે, તેમને રસ્તા પર તૈનાત કરવામાં આવશે. ફાર્મ હાઉસ, પાર્ટી પ્લોટ, દરિયાકાંઠા તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ બંદોબસ્ત રહેશે. શહેરમાં AI સજ્જ 50થી વધુ કેમેરા અને 20 હાઈ-ડેફિનેશન ડ્રોન દ્વારા સતત નજર રાખવામાં આવશે. જ્યાં કાયમી CCTV ઉપલબ્ધ નથી, ત્યાં સોલાર બેઝ વાયરલેસ કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી છે. નશો કરીને વાહન ચલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવા માટે 382 બ્રેથ એનાલાઈઝરનો ઉપયોગ થશે. અન્ય કેફી પદાર્થો સામે એન્ટી નાર્કોટિક્સ કિટથી સ્થળ પર જ તપાસ કરવામાં આવશે. પોલીસે આગોતરી કાર્યવાહીરૂપે છેલ્લા એક અઠવાડિયામાં 1100થી વધુ દારૂબંધીના કેસ કર્યા છે. 55 રીઢા ગુનેગારોને PASA હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા છે, જ્યારે 14 અસામાજિક તત્વોને શહેર બહાર હદપાર કરવામાં આવ્યા છે. મહિલા સુરક્ષા માટે 'શી ટીમ' સાદા કપડામાં ફરજ બજાવશે. જાહેરમાં તલવારથી કેક કાપવા, સ્ટંટબાજી કે સોશિયલ મીડિયા માટે ખતરનાક પ્રદર્શન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી થશે. પારદર્શિતા માટે 900 પોલીસકર્મી બોડી વોર્ન કેમેરા સાથે ફરજ પર રહેશે, જેનું લાઈવ મોનિટરિંગ કંટ્રોલ રૂમમાંથી કરવામાં આવશે.

### AI અને...

નજર રાખશે. માનવ પહોંચ મુશ્કેલ હોય તેવા વિસ્તારોમાં ડ્રોન સર્વેલન્સ મહત્વપૂર્ણ સાબિત થશે. સોલાર બેઝ વાયરલેસ કેમેરા દ્વારા અસ્થાયી દેખરેખ પણ ગોઠવાઈ છે.

### દમણમાં 31stની...

ગુજરાત બોર્ડર પર પોલીસ પીધેલા પર્યટકો સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી તેમની અટક કરતા હોય છે. જે જોતા દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલ દ્વારા આવા લોકો ગુજરાત પોલીસની કાર્યવાહીનો ભોગ ન બને તેવા હેતુથી ગત વર્ષની જેમ આ વર્ષે પણ પ્રવાસીઓ માટે રહેવા માટે ભેંસલોર ચાર રસ્તા પાસે આવેલા કોળી પટેલ સમાજના હોલમાં મફતમાં સુવિધા ઉભી કરશે. જેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

### દુબઇની ફ્લાઇટમાં...

આવતા, મુસાફરે શરૂઆતમાં માત્ર 30,000 અમેરિકી ડોલર લઈ જવાની કબૂલાત કરી હતી. જોકે, તેના સામાનની વિગતવાર તપાસ કર્યા પછી, મુસાફરે 1,34,100 અમેરિકી ડોલર (આશરે રૂ. 1.20 કરોડ) વિદેશી ચલણ લઈ જતું હોવાનું જાણવા મળ્યું હતું. મોટાભાગની વિદેશી ચલણની નોટો તેના ચેક-ઈન ટ્રોલી બેગમાં રાખેલા કપડાંમાં છુપાયેલી હાલતમાં મળી આવી હતી. મહિલા મુસાફર જપ્ત કરાયેલા વિદેશી ચલણના નિકાસ માટે કોઈ માન્ય દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહેતા તેણીની અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી હતી.એ પછી કસ્ટમ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ જપ્ત કરાયેલ વિદેશી ચલણ જપ્ત કરવામાં આવ્યું છે. ઘટનામાં સુરત ડીઆરઆઈ દ્વારા મહિલા પ્રવાસીની પૂછપરછ કરતા તેના પતિ પણ આ દાણચોરીના પ્રયાસમાં સામેલ હોવાનું જાણવા મળ્યું હતું.મહિલા એકલી સુરતથી દુબઈ જઈ રહી હતી.પણ તેનો પતિ વિમાનમાં મુસાફરી નહીં કરી રહ્યો હોવાની વિગત મળી હતી.એને આધારે પતિ પણ દાણચોરીના પ્રયાસમાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે, તેમની કસ્ટમ્સ એક્ટ, 1962 ની જોગવાઈઓ હેઠળ બંન્ને મૂળ સુરતના વતની પતિ પત્નીની ધરપકડ કરવામાં આવી હતી. બંનેને DRI એ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલમાં મોકલી આપવા હુકમ કર્યો છે. DRI સુરતના સૂત્રો એ જણાવ્યું હતું કે, પકડાયેલા પતિ પત્ની બંન્ને કેરિયર છે. આ બંન્નેને આટલી વિપુલ માત્રામાં સુરતમાં નવા નક્કોર અમેરિકન ડોલરની નોટો કોણે આપી અને દુબઈમાં 1.20 કરોડની ભારતીય કિંમતના ડોલર લેવા કોણ આવવાનું હતું એની તપાસ ચાલી રહી છે.